# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૫/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# કેન્દ્રીય બજેટમાં દેશના અર્થતંત્રને બાંધવાનો પ્રયાસ પણ સુરતના કાપડ, હીરા અને જરી ઉદ્યોગને સીધો લાભ કરી આપનારી કોઇ જોગવાઇ નથી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના પ્રથમ મહિલા નાણામંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારમણ દ્વારા આજરોજ રજૂ કરવામાં આવેલું બજેટ દેશના અર્થતંત્રને બાંધવાનો પ્રયાસ કરતું બજેટ છે. જો કે ટેક્ષટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ માટે કોઇ સપોર્ટ બજેટમાં કરવામાં આવ્યો નથી. જવેલરી ઉપર દસ ટકાથી વધારીને સાડા બાર ટકા કસ્ટમ ડયુટી કરવામાં આવી હોવાની બાબત નિરાશાજનક છે. સુરતના પાયાના ઉદ્યોગો જેવા કે ટેક્ષટાઇલ, હીરા અને જરી ઉદ્યોગને સીધો લાભ કરી આપનારી કોઇ દરખાસ્ત જણાવેલ નથી. જેથી સુરત શહેરને આ બજેટથી કોઇ પ્રોત્સાહક લાભ થાય તેવું દેખાતું નથી. જો કે, બજેટમાં નાણાંમંત્રીએ ઇન્ફ્રાસ્ટ્રકચર, ગ્રામિણ વિકાસ, શહેરી વિકાસ અને ડિજીટલ સેકટર જેવા તમામ ક્ષેત્રોનું ઘ્યાન રાખી તેના માટે બજેટમાં ફાળવણી કરી છે અને આ તમામ ક્ષેત્રને વેગ આપવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્રીય બજેટના કેટલાક ખાસ મુદ્દાઓ નીચે મુજબ છે.

- આ બજેટમાં કોર્પોરેટ સેકટરમાં જે કંપનીઓનું ટર્નઓવર રૂપિયા ૨૫૦ કરોડ હતુ તે કંપનીઓ ૨૫ ટકા ઇન્કમ ટેક્ષ ભરવાનો હતો. હવે આ કંપનીઓની ટર્નઓવરની મર્યાદા વધારીને રૂપિયા ૪૦૦ કરોડ કરવામાં આવી છે. એટલે હવે લગભગ ૯૯.૩ ટકા કંપનીને ૨૫ ટકાનો ઇન્કમ ટેક્ષનો દર લાગુ પડશે.
- ઇ વ્હીકલ્સને પ્રોત્સાહન આપવા માટે વ્હીકલ માટે લીધેલ લોનની વ્યાજમાંથી દોઢ લાખની બાદબાકી થશે તે આવકારદાયક છે.
- અફોર્ડીંગ હાઉસિંગ સેકટરને પ્રોત્સાહિત કરવા માટે જો કોઇ કરદાતાએ ૪૫ લાખની કિંમત સુધીનું ઘર ખરીદ્યુ હોય તો તે માટે તેમને તા. ૩૧/૩/૨૦૨૦ સુધીમાં બેંક લોન લીધી હોય તો તેઓને વધારાનું રૂપિયા

દોઢ લાખનું વ્યાજનું ડિડકશન મળશે. અગાઉ રૂપિયા બે લાખનું વ્યાજ ડિડકટ મળતુ હતુ તે વધારીને રૂપિયા ૩.૫૦ લાખ કરવામાં આવ્યુ છે.

- કેશના ટ્રાન્ઝેકશન ઘટાડવાના હેતુથી રૂપિયા ૧ કરોડની ઉપર જો કેશ ઉપાડવામાં આવે તો એના ઉપર ૨ ટકા ટીડીએસ નાંખવામાં આવશે.
- ઇન્કમ ટેક્ષના કાયદામાં પાંચ લાખ સુધીની આવક ઉપર કોઇ ટેક્ષ લાગશે નહી તે આવકારદાયક છે.
- આવકના સાધનો વધારવા માટે જે વ્યકિતની આવક રૂપિયા ૨ થી ૫ કરોડની વચ્ચે હશે તેને ૩ ટકા અને રૂપિયા ૫ કરોડથી વધુની આવકને ૭ ટકા સરચાર્જ નાંખવામાં આવ્યો છે.
- કૃષી, શિક્ષણ, આરોગ્ય, સ્ત્રી સશકિતકરણ, ગ્રામિણ વિકાસ, માળખાગત સુવિધાઓને વધારીને ભારત દેશને દુનિયાના નકશામાં અગ્રસ્થાન આપવા માટે વિવિધ યોજનાઓની દરખાસ્ત મુકી છે.
- રૂરલ ડેવલપમેન્ટને પ્રાધાન્ય આપતા ''ગાંવ, ગરીબ ઔર કિસાન''ને કેન્દ્ર બિન્દુએ રાખીને વિવિધ યોજનાઓ હેઠળ છેવાડાના નાગરીકોનો વિકાસ થાય તેવા પ્રયાસો કર્યા છે.
- સરકારે ભ્રષ્ટાચાર ડામવા માટે પ્રયાસ કર્યા છે. તેના ભાગરૂપે ઇન્કમ ટેક્ષ કાયદા હેઠળ ઇ એસેસમેન્ટની નવી પ્રોસિડીગ્સ લાવવાની રજૂઆત ખૂબ જ પ્રશંસનીય છે.
- 'ફેસલેસ એસેસમેન્ટ' પ્રક્રિયા ભવિષ્યમાં આવતા પ્રામાણિક કરદાતાઓને હાલાકીનો ભોગ બનવાનું રહેશે નહી. રિટર્ન ભરવામાં સરળતાના ઉદેશથી પગારદાર કરદાતાઓ અને જેની કેપીટલ ગેઇન અને વ્યાજની આવક છે તેવા કરદાતાઓ માટે પહેલાથી ભરેલું પ્રીફિલ ફોર્મ જારી કરવામાં આવશે, જે સરળતામાં વધારો કરશે.
- સ્ટાર્ટઅપ યુનિટ માટે કોઇ સ્કુટીનીનું દબાણ રહેશે નહી. ખાસ કરીને ફંડ રેઝ અંગે કોઇ ઇન્કવાયરી થશે નહી અને જો ઇન્કવાયરી કરવી હોય તો અગાઉથી ઉપરી અધિકારીની મંજૂરી ફરજીયાત રહેશે.
- સ્ટાર્ટઅપ એકમોને જે લાભ આપવામાં આવ્યા છે તે લેવો હોય તો સુરતના ધંધાર્થીઓને કોર્પોરેટ સ્ટ્રકચરમાં ધંધો કરવો જરૂરી બન્યો છે.
- એનબીએફસીને પ્રોત્સાહિત કરવા માટે જે રીતે રાષ્ટ્રીયકૃત બેંકોને ઇન્કમટેક્ષ કાયદા હેઠળ બેડ ડેટ અલાઉન્સનો લાભ મળે છે, તે એનબીએફસીને હવેથી મળશે.
- કંપની કરદાતાઓના કિસ્સામાં હવેથી રૂપિયા ૪૦૦ કરોડ ટર્નઓવરવાળી કંપનીને ૨૫ ટકાનો ટેક્ષનો સ્લેબ લાગશે. જે કંપનીઓને મહત્તમ ૨૫ ટકા સ્લેબ છે તે સ્લેબ અન્ય કરદાતાઓ એટલે કે વ્યકિતગત, ધંધાકીય એકમો, ભાગીદારી પેઢી, એલએલપી વિગેરેને પણ મહત્તમ ૨૫ ટકા કર્યા હોત તો ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળ્યુ હોત અને ગતિ પણ પ્રાપ્ત થઇ શકી હોત.